ગાંધીનગર સમાચાર

**ગાંધીનગર મનપાના કાઉન્સીલરોના પગારમાં ૧૫૦૦ રૂપિયાનો વધારો**

## શહેરના યુવા ક્રિકેટર મેહુલ પટેલ બીસીસીઆઈની ઈન્ફ્રાસ્ટ્રક્ચર ડેવલપમેન્ટ સબસીડી સમિતિમાં નિમાયા

ગાંધીનગર, તા. ૭



વિશ્વના ક્રિકેટ જગતમાં ભારતીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડ (બીસીસીઆઈ)ની ગણના ધનવાન અને મોઘા ક્રિકેટ બોર્ડ તરીકે હાલ થાય છે. તાજેતરમાં બોર્ડના પ્રમુખ પદે શશાંક મનોહનની વરણી કરવામાં આવી હતી.

બીસીસીઆઈના નવા પ્રમુખની વરણી બાદ બીસીસીઆઈની રાષ્ટ્રીય કક્ષાની વિવિધ સમિતિની રચનાઓ કરવામાં આવતા બોર્ડની "ઈન્ફ્રાસ્ટ્રક્ચર ડેવલપમેન્ટ સબસીડી કમિટિ"માં ગુજરાતના પ્રતિનિધિ તરીકે ગાંધીનગર ક્રિકેટ એસોસીએશનના પ્રમુખ મહેલુભાઈ પટેલની વરણી કરવામાં આવી છે.

ગાંધીનગર જિલ્લામાં તેમજ રાજ્યકક્ષાના ક્રિકેટ ક્ષેત્રમાં મેહુલભાઈ

● અનુસંધાન પાન-૭ પર

# ગાંધીનગર મનપાના કાઉન્સીલરોના પગારમાં ૧૫૦૦ રૂપિયાનો વધારો

ગાંધીનગર, તા. ૭

ગાંધીનગર મહાનગરપાલિકાના કાઉન્સીલરોના વેતન-ભથ્થામાં રૂ. ૧૫૦૦નો વધારો કરવાની દરખાસ્તને રાજ્ય સરકારે મંજૂરી આપી દીધી છે અને આ વધારો ૧-૫-૨૦૧૫થી અમલી બનશે તેવા આદેશો પણ જારી કરી દેવામાં આવ્યા છે.

ગાંધીનગર મહાનગરપાલિકામાં હાલ કાઉન્સીલરોને હાલ પગાર પેટે રૂ. ૨ હજાર મળતા હતા જેમાં વધારો રૂ. ૧ હજારનો કરી માનદ્વેતન માસિક રૂ. ૩૦૦૦ કરવામાં આવેલ છે.

આ ઉપરાંત સ્ટેશનરી ખર્ચ પેટે રૂ. ૩૦૦ ચુકવવામાં આવતા હતા

## પગાર વધતાં મનપા પર વાર્ષિક ૩.૩૦ લાખનો આર્થિક બોજો પડશે

તેને બદલે હવે રૂ. ૫૦૦ તેમજ ટેલિફોન ખર્ચ પેટે રૂ. ૫૦૦ ચુકવવામાં આવતા હતા તેને બદલે રૂ. ૭૫૦ લેખે તે ચુકવાશે. આ ઉપરાંત બેઠક દીઠ રૂ. ૨૦૦ લેખે જે ભથ્થુ આપવામાં આવતું હતુ તેમાં વધારો કરી અને રૂ. ૨૫૦ લેખે પણ માસિક રૂ. ૧૨૫૦થી ભથ્થુ વધે નહિ તે રીતે ચુકવવાનો નિર્ણય કરવામાં આવ્યો છે.

રાજ્ય સરકારના શહેરી વિકાસ વિભાગે આ વધારો ૧-૫-૨૦૧૫થી ચુકવવાનો નિર્ણયને સ્વીકૃતિ આપી હોવાથી હવે સાત મહિનાનું એરિયર્સ કોર્પોરેશન દ્વારા કાઉન્સીલરોને ચુકવવામાં આવશે. એરિયર્સ પેટે મનપા ૩,૩૪,૯૫૦ ચુકવશે.

● અનુસંધાન પાન-૭ પર

# સેક્ટર-૧ તળાવ વિકાસની યોજના ફ્લોપ પાણીના અભાવે પ્રોજેક્ટ ડેડ હાલતમાં

**૫ વર્ષથી તળાવ તૈયાર પણ પાણી ભરાય તેવી વ્યવસ્થા ગોઠવાઈ નથી : કરોડોના ખર્ચ બાદ પણ સહેલાણીઓના નસીબે માત્ર ખાડો**



ગાંધીનગર, તા. ૭

સે. ૧ તળાવ વિકાસની યોજના પાછળ રૂ. ૭ કરોડનું આંધણ કરવામાં આવ્યું છે. આમ છતાં એક દાયકાના અંતે પિકનીક સ્પોટ બનાવવાનું તો દૂર પરંતુ તળાવનું અસ્તિત્વ જ દેખાતુ નથી. છેલ્લા પાંચ વર્ષથી તંત્ર દ્વારા તળાવનો ખાડો તૈયાર કરાયો છે પરંતુ પાણીની વ્યવસ્થાના અભાવે આખો પ્રોજેક્ટ ડેડ હાલતમાં છે.

શહેરના નવવિકસિત વિસ્તારમાં સહેલાણીઓ માટે પિકનીક સ્પોટ બનાવવા માર્ગ-મકાન વિભાગ દ્વારા સે. ૧માં તળાવ વિકાસની યોજના હાથ ધરવામાં આવી હતી. તળાવ વિકાસની યોજના પાછળ તંત્ર દ્વારા અંદાજિત રૂ. ૭ કરોડનો ખર્ચ કરવામાં આવ્યો છે. તળાવ સહીત આસપાસના વિસ્તારોને વિકસાવવા એક દાયકા જેટલો સમય વીતી ગયો છે. તંત્ર દ્વારા તળાવ આસપાસ બગીચા ઉપરાંત ફૂડકોર્ટનું પણ નિર્માણ કરવામાં આવ્યું છે. બગીચાને પાણી પુરૂ પાડવા સરગાસણથી લાઈનનું જોડાણ આપી દેવાયું છે. પરંતુ તળાવમાં પાણી ભરાય તે માટે ૫ વર્ષના લાંબા સમયગાળાના અંતે કોઈ આયોજન કરવામાં આવ્યું નથી.

● અનુસંધાન પાન-૭ પર


## ભાવભીની અંજલિ



**પૂજ્ય કાન્તાબા પટેલ**

આપની વિદાયથી અમે જ્યોતિ મહિલા મંડળની બહેનો ઉંડા આઘાતની લાગણી અનુભવીએ છીએ... આપની વિદાયથી અમને અને સંસ્થાને મોટી ખોટ પડી છે... જ્યોતિ મહિલા મંડળ પરત્વે આપનો સદ્દભાવ, સ્નેહ અને સહયોગ અમારા માટે પ્રેરક અને પુરક રહ્યા છે..

**આપના આત્માની ચિત શાંતિ માટે પરમાત્માને પ્રાર્થના કરીએ છીએ...**

નિરૂબેન નાયક — ઉપપ્રમુખ
લત્તાબેન ચોક્સી — પ્રમુખ
પુષ્પા આર. મહેતા — ઉપપ્રમુખ
કોકિલાબેન નાયક — ખજાનચી
ડો. ચેતના એ. બુચ — સેક્રેટરી

## પંદરમી પુણ્યતિથિએ શ્રદ્ધાંજલિ



હસતું રમતું
સુગંધથી ભરતું,
જીવન બાગને
તરબતર કરતું,
ખીલ્યું સુમનને
જીવન ધન્ય બનતું,
દેવને પ્યારું લાગ્યું
પુષ્પ એ મનગમતું
ચોરી ગયા પ્રભુ ના સાંભળ્યું
રગરવું અમારું.
કહું કર જોડી નાથ
એને પ્રેમ થકી સાચવજો.

**સ્વ. પિંકી જયેન્દ્ર ભટ્ટ**
દેહ વિલય : ૮-૧૨-૧૯૯૮

મા
મમ્મી
હિરેન-સંગિતા
હર્ષ-આદિત્ય

## વેચવાનો છે

સેક્ટર નં.૪માં થયેલ ઈ-હરાજી કરતા પણ ઓછા ભાવે કાયદેસરની કોમર્શીયલ જમીન ૫૬X૧૬ ફૂટની, ગ્રાઉન્ડમાં બે શટરનું બાંધકામ છે. પાર્કીંગની જગ્યા, FSI મળવા પાત્ર, સે.૩૦ની જંત્ર મુજબ દસ્તાવેજ કરી વેચાણ આપવાની છે. ભાવ ૧ ચો.ફુટના રૂ. ૬૮૦૦/-

**રૂબરૂ મળો. પ્લોટ નં. ૮૧/૨, સેક્ટર-૪/એ**

## જોઈએ છે

માર્કેટીંગ માટે માણસો, આકર્ષક પગાર, અનુભવીને પ્રથમ પસંદગી

**મો. : ૯૮૨૪૯ ૪૧૭૧૦**

રક્તદાન - મહાદાન
ચક્ષુદાન-શ્રેષ્ઠદાન

## ચિલોડા (ડ)ના મતદારોનો જાહેર આભાર



**શ્રી અરવિંદસિંહ અમરસિંહ સોલંકી**
(સદસ્ય - ગાંધીનગર જિલ્લા પંચાયત, ચિલોડા (ડ) બેઠક)

ગાંધીનગર જિલ્લા પંચાયતની ચિલોડા (ડ) બેઠક પરથી મને જંગી બહુમતીથી વિજેતા બનાવવા બદલ પ્રાંતિયા, લવારપુર, પાલજ (રામપુરા), ચિલોડા મોટા, ઈસનપુર મોટા, મગોડી, શિહોલી મોટી, દશેલા, આલમપુર તથા મગોડી લાટના તમામ મતદાર ભાઈ-બહેનો તથા ગ્રામજનોનો ખૂબ-ખૂબ આભાર.

આપે મારા અને કોંગ્રેસ પાર્ટી પર જે વિશ્વાસ મૂક્યો છે તે વિશ્વાસને આગામી દિવસોમાં ગામડાઓના છેવાડાઓના વિસ્તારમાં વિકાસના કાર્યો હાથ ધરીને પરિપૂર્ણ કરીશ.

## છાલા બેઠકના મતદારોનો જાહેર આભાર



**શ્રીમતી પટેલ મંગુબેન શનાભાઈ**
(સદસ્ય - ગાંધીનગર જિલ્લા પંચાયત, છાલા બેઠક)



**શ્રી પટેલ શનાભાઈ લવજીભાઈ**
(ચેરમેનશ્રી - ધી ગિયોડ સેવા સહકારી મંડળી લી.)

ગાંધીનગર જિલ્લા પંચાયતની છાલા બેઠક પરથી મને જંગી બહુમતીથી વિજય બનાવવા બદલ મારા મતવિસ્તારના ગામો ગિયોડ, છાલા, કાનપુર, માતાપુરા, મહાદેવપુરા, સોરાબપુરા, ચંદ્રાલા, માધવગઢ, લક્ષ્મીપુરા, સાદરા, મોતીપુરા, કલ્યાણપુરા, જાખોરા, રાજપુરા, ચેખલારાણી, દોલારાણા વાસણા, બાપુપુરા, હરિપુરા, ધણપ, નવા ધરમપુર, લેકાવાડા, શિવપુરા કંપા, મહુન્દ્રાના તમામ મતદાર ભાઈ-બહેનો તથા ગ્રામજનોનો ખૂબ-ખૂબ આભાર...

આપે મારા અને કોંગ્રેસ પાર્ટી પર જે વિશ્વાસ મૂક્યો છે તે વિશ્વાસને આગામી દિવસોમાં ગામડાઓના છેવાડાઓના વિસ્તારમાં વિકાસના કાર્યો હાથ ધરીને પરિપૂર્ણ કરીશ....


Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com